INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૨૪-૦૨-૨૦૨૬

- **ડબલ એન્જીનની સરકારમાં ગરીબોના ઘર પર બુલડોઝર, પરંતુ ઉદ્યોગપતિઓના દબાણ સામે સરકાર શા માટે લાચાર ? : અમિત ચાવડા**
- **ઉપ મુખ્યમંત્રીના હોમ ટાઉન સુરતમાં આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડિયા કંપનીનું 173 હેક્ટર જમીન ઉપર 30 વર્ષથી દબાણ, સરકાર ચુપ કેમ? અમિત ચાવડા**
- **સૌનો સાથ - સૌનો વિકાસ ના સુત્રો પરંતુ ઉદ્યોગપતિઓને સાથ, ગરીબોનો વિનાશ: અમિત ચાવડા**
- **ભાજપ સરકારનો ઉદ્યોગપતિઓ માટેનો પ્રેમ અને ગરીબ વિરોધી ચહેરો ખુલ્લો પડી ગયો છે : અમિત ચાવડા**

વિધાનસભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ પ્રેસ મીડિયાનું સંબોધન કરતા જણાવ્યું હતું કે, ફરી એકવાર ભારતીય જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકારનો સાચો ચહેરો બહાર આવ્યો છે. ગરીબોના ઘરો પર બુલડોઝર ચલાવવામાં કડકાઈ દેખાડતી આ સરકાર ઉદ્યોગપતિઓ સામે કેમ લાચાર બની જાય છે? પૂછાયેલા પ્રશ્ન નંબર ૩૩ના જવાબમાં સરકારે સ્વીકાર્યું છે કે હજીરા ખાતે આવેલી આર્સેલર મિત્તલ સ્ટીલ ઈન્ડિયા કંપની દ્વારા સરકારી તથા ગૌચર જમીન પર કુલ ૧૭૩ હેક્ટર જેટલું દબાણ કરવામાં આવ્યું છે. છેલ્લા અનેક વર્ષોથી વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં સરકાર પોતે જ રેકોર્ડ પર મૂકે છે કે અલગ-અલગ સર્વે નંબરની જમીનો પર વર્ષો સુધી ગેરકાયદેસર કબજો ચાલુ રહ્યો છે. કેટલીક જમીન પર ૩૮ વર્ષથી, કેટલીક પર ૩૬ વર્ષથી, કેટલીક પર ૩૩ વર્ષથી અને કેટલીક પર ૩૦ વર્ષથી દબાણ હોવાની કબૂલાત સરકારે જ કરી છે.

એક જ કંપની દ્વારા ૧૭૩ હેક્ટર જેટલી વિશાળ સરકારી જમીન પર વર્ષો સુધી કબજો હોવા છતાં સરકાર તેને ખાલી કરાવી શકતી નથી. ત્યાં બુલડોઝર નથી ચાલતા. પરંતુ બીજી તરફ રાજકોટમાં ગરીબોના ઘરો પર બુલડોઝર ચાલે છે; અમદાવાદમાં ઠાકર, રબારી, દલિત, બક્ષીપંત અને લઘુમતી સમાજના ઘરો પર કાર્યવાહી થાય છે. અંબાજી, વેરાવળ, સોમનાથ, દ્વારકા જેવા વિસ્તારોમાં લોકોના આશિયાના અને મંદિરો પર પણ બુલડોઝર ફરે છે. ડબલ એન્જિન સરકારમાં ગરીબ સામે કડકાઈ અને ઉદ્યોગપતિ સામે નરમાઈ કેમ? ત્રીસ-ત્રીસ વર્ષ જૂના દબાણ પર પણ કાર્યવાહી ન કરી શકતી આ સરકાર “સબકા સાથ, સબકા વિકાસ”નો સૂત્ર આપે છે, પરંતુ હકીકતમાં ગરીબ અને મધ્યમ વર્ગના હિતોનું નુકસાન કરતી અને ઉદ્યોગપતિઓ સામે લાચાર બનતી દેખાય છે.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮